**APPENDIX : III**

# CENTRE OF ADVANCED STUDY IN EDUCATION

## FACULTY OF EDUCATION & PSYCHOLOGY

[ M.S. UNIVERSITY OF BARODA ]

**Guide :**

**Rameshchandra G. Kothari**
Faculty of Education & Psychology
M.S. University, Baroda-2

**Investigator :**

**Ramesh C. Patel**
Faculty of Education & Psychology
M.S. University, Baroda-2

## વૈજ્ઞાનિક વલણ માપદંડ

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ : | જન્મ તારીખ : |
| શાળાનું નામ : | વર્ગ : |
| શાળાનું સરનામું : | વિભાગ : |

**પ્રિય વિદ્યાર્થી મિત્ર,**

આ માપદંડમાં કુલ ૯૦(નેવું) વિધાનો છે. આ વિધાનો એવી પરિસ્થિતિ દર્શાવે છે કે જેનો તમને દૈનિક જીવનમાં અનુભવ થયો હોય અથવા થશે. દરેક વિધાનની સામે પાંચ ખાનાઓ આપેલા છે. જે પૂર્ણતઃ સંમત, સંમત, અનિર્ણિત, અસંમત, અને પૂર્ણતઃ અસંમત જેવા વિકલ્પો દર્શાવે છે. દરેક વિધાન ખુબ જ ધ્યાનથી વાંચી, આપેલા વિકલ્પોમાંથી તમને લાગુ પડતાં ખાનામાં "√" નું નિશાન કરો. આપેલાં વિધાનોનો કોઈ સાચો કે ખોટો અર્થ નથી. તમારો ઉત્તર ફક્ત એ દર્શાવશે કે આવી પરિસ્થિતિમાં તમે કેવી રીતે વર્તશો. તમારી સમજ માટે નીચે એક ઉદાહરણ દર્શાવેલું છે.

| | પૂર્ણતઃ સંમત | સંમત | અનિર્ણિત | અસંમત | પૂર્ણતઃ અસંમત |
|---|---|---|---|---|---|
| ધારોકે સમાજ શાસ્ત્રના વિષયની પરીક્ષાનાં દિવસે તમે ગુલાબી રંગના કપડાં પહેર્યા હતા અને આ વિષયમાં સારા ગુણ આવ્યા તેથી હવે પછીની દરેક પરીક્ષામાં ગુલાબી રંગના કપડાં પહેરવા જોઈએ. | | | | | |

**જો આપેલી પરિસ્થિતિ સાથે તમે પૂર્ણતઃ સંમત થતા હોય તો નીચે દર્શાવ્યા પ્રમાણે તે ખાનામાં "√" નું નિશાન કરો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ધારો કે સમાજશાસ્ત્રના વિષયની પરીક્ષાના દિવસે તમે ગુલાબી રંગના કપડાં પહેર્યા હતા અને આ વિષયમાં સારા ગુણ આવ્યા તેથી હવે પછીની દરેક પરીક્ષામાં ગુલાબી રંગના કપડાં પહેરવા જોઈએ. | √ | | | | |

તમે આપેલી માહિતી સંપૂર્ણ પણે ખાનગી રાખવામાં આવશે અને તેનો ઉપયોગ ફક્ત સંશોધન માટે કરવામાં આવશે તેથી નિર્ભય બની ખુલ્લા મને દરેક પરિસ્થિતિમાં તમે કેવી રીતે વર્તશો કે તમે શું માનો છો તેની માહિતી આપો.

તમારે જે કાર્ય કરવાનું છે તેના સંદર્ભમાં કોઈ પ્રશ્ન પુછવો છે ?

કાર્યમાં સહકાર આપવા બદલ આપનો આભાર.

**હવે શરૂ કરો**

| ક્રમ | વિધાન | પૂર્ણતઃ સંમત | સંમત | અનિર્ણિત | અસંમત | પૂર્ણતઃ અસંમત |
|---|---|---|---|---|---|---|
| ૧. | સૂર્યગ્રહણ કે ચન્દ્રગ્રહણ કેવી રીતે થાય છે તે જાણવા માટે પુસ્તકોમાંથી વધુ માહિતી એકત્રિત કરુ છું. | | | | | |
| ૨. | યજ્ઞ કરવાથી વરસાદ પડતો નથી. | | | | | |
| ૩. | પ્લેગ જેવા ભયાનક રોગ ઉપર અંકુશ લાવવા લોકોએ પ્રાર્થના કરવી જોઈએ. | | | | | |
| ૪. | અન્યની વાતો ખુલ્લા મને સાંભળું છું. | | | | | |
| ૫. | શનિવારે માથામાં તેલ નાંખતો નથી. | | | | | |
| ૬. | દરેક બાબતનું ઝીણવટપૂર્વક અવલોકન કરુ છું. | | | | | |
| ૭. | જ્યોતિષીનાં કહેવાથી અઠવાડિયામાં એક દિવસ ઉપવાસ કરુ છું. | | | | | |
| ૮. | ભારતમાં વસ્તી વિસ્ફોટના કારણો જાણવા માટે અલગ અલગ સ્થળની માહિતી એકત્રિત કરુ છું. | | | | | |
| ૯. | સમુદ્રનાં પાણી પર તરતાં જહાજનાં કિસ્સામાં આર્કિમીડિઝનો નિયમ કેવી રીતે કામ કરે છે તે જાણવા પ્રયત્ન કરુ છું. | | | | | |
| ૧૦. | સ્વાસ્થ્યની સગવડો વધવાથી વસ્તી વધારો કેવી રીતે થાય છે તે બરાબર સમજવા માટે શિક્ષકને પ્રશ્નો પૂછૂ છું. | | | | | |
| ૧૧. | જૂદાં જૂદાં સંસ્કૃતિઓની વિવિધતાને સ્વીકારુ છું. | | | | | |
| ૧૨. | વિજ્ઞાન શિક્ષક એક એવા છોડની માહિતી આપે છે કે જે ભારત દેશમાં ભાગ્યેજ થાય છે. ત્યારે તેમાં બહુ રસ દાખવતો નથી. | | | | | |
| ૧૩. | અન્યનાં ધર્મ પ્રત્યે માન ધરાવું છું. | | | | | |
| ૧૪. | વર્ગનાં એક હોંશિયાર વિદ્યાર્થીને બીજો વિદ્યાર્થી, શિક્ષકે જે ભણાવ્યું તેમાંથી, પ્રશ્નો પૂછે છે. જેનાં જવાબો યોગ્ય રીતે નથી આવડતા છતાં તે ગમે તે રીતે સમજાવે છે. જે યોગ્ય છે. | | | | | |
| ૧૫. | લોકોને, તેમનાં પહેરવેશ અને દેખાવ ધ્યાનમાં રાખીને, અસભ્ય માની લેતો નથી . | | | | | |

| | પૂર્ણત: સંમત | સંમત | અનિશ્ચિત | અસંમત | પૂર્ણત: અસંમત |
|---|---|---|---|---|---|
| ૧૬. જ્યાં પરીક્ષા શક્ય હોય ત્યાં પરીક્ષણ કરીને જ આગળ વધવું. | | | | | |
| ૧૭. એક વિદ્યાર્થી જેને તમે પસંદ કરતાં નથી તે જીલ્લા કક્ષાનાં વિજ્ઞાનમેળાની વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા થતાં તમને એવું લાગે છે કે આ સ્પર્ધામાં તમે પણ વિજેતા થઈ શક્યા હોત. | | | | | |
| ૧૮. ચુંબક લોખંડને જ કેમ આકર્ષે છે તે જાણવા માટે શિક્ષક તેમજ નિષ્ણાતોને પ્રશ્નો પૂછી માહિતી એકત્રિત કરુ છું. | | | | | |
| ૧૯. શાળાની ચૂંટણી દરમિયાન બે જૂથનાં વિદ્યાર્થીઓ વચ્ચે ઝગડાનાં સાચા કારણો જાણવા માટે શક્ય તેટલી વ્યક્તિઓ પાસેથી માહિતી એકઠી કરુ છું. | | | | | |
| ૨૦. પ્રાણીઓ પર થતી ક્રૂરતા સંબંધિત માહિતી એકત્રિત કરતી વખતે ધાર્મિક લાગણીને ધ્યાનમાં ન રાખીને સાચી માહિતી એકત્રિત કરુ છું. | | | | | |
| ૨૧. કોલેરા, મેલેરિયા જેવા ભયાનક રોગને કાબૂ મા રાખવા માટે દાક્તરી સારવાર લેવી જોઈએ. | | | | | |
| ૨૨. પર્યાવરણની સભાનતા લાવવા માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરુ છું. | | | | | |
| ૨૩. બીજા ધર્મનાં ધાર્મિક તહેવારોની ઉજવણી પ્રત્યે અણગમો છે. | | | | | |
| ૨૪. કોઈ પ્રયોગ કરતી વખતે જે અવલોકન આવવું જોઈએ તે યોગ્ય રીતે ન આવતાં, તે અવલોકન પ્રયોગ કર્યા વગર લખી નાખું છું. | | | | | |
| ૨૫. ખડકોનાં જૂદા જૂદા રંગ, આકાર તેમજ કઠિનતાનાં કારણો જાણવા માટે ભૂસ્તરશાત્રીનો સંપર્ક કરુ છું. | | | | | |
| ૨૬. ''પ્રદુષણની વાતાવરણ ઉપર થતી અસર'' દર્શાવતું ચિત્ર શાળાનાં નોટિસ બોર્ડ ઉપર મૂકુ છું. | | | | | |
| ૨૭. ''SNOW MAN" ''બરફ માણસ'' વિષે સમાચાર સાંભળ્યા પછી સત્ય ચકાસવા માટે પ્રશ્નો પૂછું છું. | | | | | |

[[ 3 ]]

| | પૂર્ણતઃ સંમત | સંમત | અનિર્ણિત | અસંમત | પૂર્ણતઃ અસંમત |
|---|---|---|---|---|---|
| ૨૮. પૃથ્વીનાં ભ્રમણ દ્વારા દિવસ-રાત્રી કેવી રીતે તે જાણવા માટે પ્રયોગ કરુ છું. | | | | | |
| ૨૯. પ્રવાસ દરમિયાન જુદી જુદી વસ્તુઓનું અવલોકન કરવાની ટેવ નથી. | | | | | |
| ૩૦. સાપ, ઉંદર તેમજ અન્ય જીવો જે માનવ સૃષ્ટિને નુકશાન કર્તા છે તેનો નાશ કરવો જોઈએ. | | | | | |
| ૩૧. શુભ કાર્ય કરવા જતી વખતે વિધવા સ્ત્રીને જોવાથી કાર્યમાં કોઈ ફેર પડતો નથી. | | | | | |
| ૩૨. શાળાકીય પ્રદર્શન માટે, સમૂહમાં તૈયાર કરેલી કૃતિને ઈનામ મળતાં તમે યશ મેળવો છો. | | | | | |
| ૩૩. ભારત જેવા દેશમાં સ્ત્રી શિક્ષણને મહત્વ આપવું જોઈએ નહિ. | | | | | |
| ૩૪. લોકોનાં આનંદ પ્રમોદ માટે વધુ પ્રાણીસંગ્રહાલયો સ્થાપવા જોઈએ તેવું માનું છું. | | | | | |
| ૩૫. નળમાંથી સતત ટપકતાં પાણી અંગે દરકાર કરતો નથી. | | | | | |
| ૩૬. એક વૃક્ષનો નાશ કરતાં, બીજું વૃક્ષ ઉછેરું છું. | | | | | |
| ૩૭. એક વ્યક્તિએ પોતે ઉડતી રકાબી (Unidentifide Flying Object) વિષે વાત કરી ત્યારે તે કઈ બાજુથી આવી, કઈ બાજુ ગઈ, કેવી હતી, કેટલી ઉંચાઈએ હતી, ... વગેરે જેવા પ્રશ્નો ઉદ્‌ભવતા નથી. | | | | | |
| ૩૮. તમારા વર્ગની એક વિદ્યાર્થીનીને નૃત્ય સ્પર્ધામાં ઈનામ મળતાં, તમે તેને અભિનંદન પાઠવો છો. | | | | | |
| ૩૯. કોઈ માણસ જન્મથી આંધળો હોય છે જેના કારણો ડૉક્ટર સમજાવી શકે છે. | | | | | |
| ૪૦. શાળામાં વિદ્યાર્થી નેતાઓ શાળા સંચાલકો વચ્ચે મત-મતાંત્તર થતાં મોટા ભાગનાં વિદ્યાર્થીઓ સાચું કારણ જાણ્યા વગર હડતાલમાં જોડાઈ ગયા. | | | | | |

| | પૂર્ણત: સંમત | સંમત | અનિર્ણિત | અસંમત | પૂર્ણત: અસંમત |
|---|---|---|---|---|---|
| ૪૧. ગયા જન્મમાં માણસે કરેલા પુણ્યને આ જન્મનાં સુખ સાથે કોઈ સંબંધ હોતો નથી. | | | | | |
| ૪૨. બીજાની સાચી વાતને સહજ રીતે સ્વીકારુ છું. | | | | | |
| ૪૩. મારી બહેનથી મારો મનપસંદ કેમેરા તૂટી ગયો તેથી બહેનથી કેમેરા કેવી રીતે તૂટી ગયો તે જાણ્યા વગર ખૂબ ગુસ્સો કરુ છું. | | | | | |
| ૪૪. વરસાદની ઋતુ પહેલા ઘણાં લોકો પોતાના મકાન ઉપરલોખંડ કે અન્ય ધાતુનો સળિયો રાખે છે તેના કારણો જાણવા પ્રયત્ન કરતો નથી. | | | | | |
| ૪૫. શ્રાવણ માસ પવિત્ર હોવાથી ઉપવાસ કરુ છું. | | | | | |
| ૪૬. એક કરતાં વધારે અવલોકનો કરીને ચોક્કસ નિર્ણય તારવું છું. | | | | | |
| ૪૭. મિત્ર સાથે એક મુદ્દા ઉપર લાગેલી શરતના થોડા સમય પછી ખબર પડતાં કે મિત્ર શરતમાં જીતી ગયો છેતો શરતના નિયમોનું પાલન કરતો નથી કારણકે મિત્રને તેની ખબર નથી. | | | | | |
| ૪૮. ચર્ચા દરમ્યાન બીજા વિદ્યાર્થીને બોલતાં અટકાવી દઈને પોતાનાં મંતવ્યો રજૂ કરુ છું. | | | | | |
| ૪૯. શાળા તેમજ ઘરની આજુબાજુ થતી ગંદકી અંગે બેદરકારી દાખવું છું. | | | | | |
| ૫૦. પીંજરામાં પૂરાયેલા પ્રાણીઓની સંવેદના જાણવા માટે પ્રાણીસંગ્રહાલયની મુલાકાત લઉ છું. | | | | | |
| ૫૧. જેને પાપ કર્યા હોય તેને નાગ કરડે છે. | | | | | |
| ૫૨. એક જ અવલોકન પરથી ચોક્કસ નિર્ણય તારવું છું. | | | | | |
| ૫૩. કોઈપણ પરિસ્થિતિમાં બેધડક પ્રશ્ન પૂછી શંકાનું સમાધાન કરી શકું છું. | | | | | |
| ૫૪. ગુસ્સામા મહત્વનાં નિર્ણયો લેતો નથી. | | | | | |
| ૫૫. શિક્ષકે નિબંધ લખવાનું ગૃહકાર્ય આપ્યું છે તો જે પુસ્તકમાં | | | | | |

| | પૂર્ણતઃ સંમત | સંમત | અનિર્ણિત | અસંમત | પૂર્ણતઃ અસંમત |
|---|---|---|---|---|---|
| ૫૫. શિક્ષકે નિબંધ લખવાનું ગૃહકાર્ય આપ્યું છે તો જે પુસ્તકમાં સરસ નિબંધ હોય તેમાંથી લખી નાખું છું. | | | | | |
| ૫૬. રાષ્ટ્રગીત વખતે વ્યવસ્થિત વર્તણૂંક કરતો નથી. | | | | | |
| ૫૭. વિદ્યાર્થીઓએ વૃક્ષા રોપણની પ્રવૃત્તિમાં ભાગ લેવો જોઈએ. | | | | | |
| ૫૮. પ્રયોગ દરમ્યિાન, ચોક્કસાઈ માટે વધુ અવલોકનો લઉં છું. | | | | | |
| ૫૯. શુભ પ્રસંગની શરુઆત સારા કે ખરાબ કોઈપણ ચોઘડિયામાં કરુ છું. | | | | | |
| ૬૦. કુદરતી પ્રક્રિયા જેવી કે સૂર્યોદય, સૂર્યાસ્ત, પવન વિગેરે થવા પાછળ ચોક્કસ કારણો હોય છે. | | | | | |
| ૬૧. મુશ્કેલીઓમાં અન્યને પ્રશ્નો પૂછી શકતો નથી. | | | | | |
| ૬૨. આધુનિક દવાઓ મનુષ્યનાં આયુષ્યને લંબાવી શકે છે પરંતુ મૃત્યુને ટાળી શકતી નથી તો પછી આધુનિક વિજ્ઞાનનો અર્થ નથી. | | | | | |
| ૬૩. વર્ગમાં ઘણી વખત સમજણ ના પડે તે છતાં પણ ચૂપચાપ બેસી રહું છું. | | | | | |
| ૬૪. વૈજ્ઞાનિક શોધો અને ટેકનોલોજીનો માનવ કલ્યાણમાં ઉપયોગ થાય તે છતાં પણ માનવ જીવન કલ્યાણકારી બની શક્યું નથી. | | | | | |
| ૬૫. ચર્ચા દરમ્યાન બીજા વિદ્યાર્થીઓનાં વિરોધી મંતવ્યો ધ્યાનથી સાંભળું છું. | | | | | |
| ૬૬. વિદ્યાર્થીઓએ અનામત વિરોધી આંદોલનમાં જોડાવવું જોઈએ. | | | | | |
| ૬૭. વિજ્ઞાનની મદદથી ટેસ્ટ ટ્યુબમાં બાળક પેદા કરી શકાય પરંતુ તેમાં મનુષ્યનાં શુક્રાણું અને અંડકોષની જરૂર પડે છે. | | | | | |
| ૬૮. એક વિદ્યાર્થી નિબંધ સ્પર્ધામાં પ્રથમ ઈનામ મેળવે છે તેની હોંશિયારીને બિરદાવવા તમે અભિનંદન પાઠવો છો. | | | | | |
| ૬૯. બાગ-બગીચા જુદી જુદી વનસ્પતિ, છોડ, વૃક્ષ, ફૂલ, ફૂવારા વગેરેનું અવલોકન કરુ છું. | | | | | |

| | પૂર્ણત: સંમત | સંમત | અનિર્ણિત | અસંમત | પૂર્ણત: અસંમત |
|---|---|---|---|---|---|
| ૭૦. ગાયને માતા માનવામાં આવે છે તેથી તેની ઉપર ક્રૂરતા કરવી જોઈએ નહિ. | | | | | |
| ૭૧. માનવીનાં વસવાટ તેમજ અન્ય ભૌતિક સગવડોને પહોંચી વળવા માટે જંગલો તેમજ કુદરતી સંપત્તિનો વધુ ઉપયોગ કરવો જોઈએ. | | | | | |
| ૭૨. ગયા જન્મમાં પાપ કર્યા હોવાથી આ જન્મમાં માણસ દુ:ખ ભોગવે છે. | | | | | |
| ૭૩. પાઠ્યપુસ્તકમાં ''સમતોલ આહાર'' વિષે વધુ માહિતી નથી છતાં પરીક્ષા માટે પૂરતુ હોવાથી બીજાં પાઠ્યપુસ્તકો વાંચતો નથી. | | | | | |
| ૭૪. વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી આપણે રોબોટ બનાવી શક્યા પરંતુ માનવ શરીર બનાવી શકતા નથી. વિજ્ઞાનની આ મર્યાદા સ્વીકારું છું. | | | | | |
| ૭૫. શાળાનાં એક વિદ્યાર્થીની સિદ્ધિનાં દૈનિક પત્ર માં અભિનંદન પાઠવતા સમાચાર, શાળાનાં સમાચાર બોર્ડ ઉપર મૂકું છું. | | | | | |
| ૭૬. શાળામાં વાનસ્પતિક પ્રજનન વિષે શીખ્યા પછી ઘરે જઈને પોતાનાં બગીચામાં ગુલાબનાં છોડ ઉપર જુદા જુદા રંગના ફૂલો મેળવવા પ્રયત્ન કરુ છું. | | | | | |
| ૭૭. બાગમાં નાસ્તો કર્યા પછી એંઠા કાગળ, કોથળીને કચરાપેટીમાં નાખું છું. | | | | | |
| ૭૮. જ્યાં સાયકલ કે પગે ચાલીને જવાય તેવું હોય ત્યાં પણ સ્કૂટર લઈને જવાનો આગ્રહ રાખું છું. | | | | | |
| ૭૯. પાઠ્યપુસ્તકમાંથી તારાઓની ઉત્પત્તિ વિષે માહિતી મેળવ્યા પછી વધુ જાણવાની ઈચ્છા રાખતો નથી. | | | | | |
| ૮૦. કોઈપણ પ્રકારનાં ચમત્કારમાં વિશ્વાસ નથી. | | | | | |
| ૮૧. વિજ્ઞાન શિક્ષકે કહેલું વાક્ય ''ઔદ્યોગિક વિકાસથી ગુજરાતમાં વરસાદનું પ્રમાણ ઘટ્યું છે.'' સ્વીકારી લઉ છું. | | | | | |

| | પૂર્ણતઃ સંમત | સંમત | અનિર્ણિત | અસંમત | પૂર્ણતઃ અસંમત |
|---|---|---|---|---|---|
| ૮૨. કોઈ એક સ્થળનાં હવામાન વિષે આગાહી કરવા માટે તે સ્થળનાં છેલ્લા થોડા વર્ષોનાં તાપમાન અને ભેજનાં આંકડાઓ સાથે બીજાં ઘટકો જેવાં કે દબાણ, પવનની દિશા વિષે માહિતી એકત્રિત કરુ છું. | | | | | |
| ૮૩. તેર (૧૩) નો અંક અશુભ છે. | | | | | |
| ૮૪. બીજાએ અવલોકન કરીને આપેલી માહિતી ચકાસ્યા વગર સ્વીકારુ છું. | | | | | |
| ૮૫. શીતળા કે ઓરી નીકળ્યા હોય તેવા સંજોગોમાં દર્દીને દવા આપવી યોગ્ય નથી. | | | | | |
| ૮૬. સમુદ્રમાં ભરતી-ઓટ જેવી ક્રિયાઓ માટે કોઈ વૈજ્ઞાનીક કારણો હોતા નથી. | | | | | |
| ૮૭. ખૂબજ વરસાદથી નદી કે તળાવનાં પાણી શહેર કે ગામનાં નીચાણવાળા વિસ્તારમાં ભરાઈ જતાં રોકવા માટે જળદેવીને રીઝવવા માટે નાળિયેર અને ચૂંદડી ચઢાવવા જોઈએ. | | | | | |
| ૮૮. ઘરનાં જે ઓરડામાં લાઈટની જરૂર હોય તેજ ઓરડાની લાઈટ ચાલુ રાખુ છું. | | | | | |
| ૮૯. શારીરિક ખોડ ખાંપણ વાળા બાળકો પર્વતા રોહણ માટે યોગ્ય હોતાં નથી. | | | | | |
| ૯૦. શાળાએથી છૂટીને ઘરે જતી વખતે વર્ગનાં પંખા તેમજ લાઈટ બંધ કરુ છું. | | | | | |